## હરિની દ્રષ્ટિ... - હરિન ભટ્ટ




ચિંતા ન કરો સાહેબ, બંને ફેસીલીટી છે, વરસાદ આવે તો ઊલટાવીને પહેરી લેવાનું.

## ગાંધીનગર જિલ્લામાં ૧૪ ડિસેમ્બરે રાષ્ટ્રીય લોક અદાલતોનું આયોજન

ગાંધીનગર જિલ્લા કાનૂની સેવા સત્તા મંડળ દ્વારા તા. ૧૪મી ડિસેમ્બર, ૨૦૧૯ના રોજ જિલ્લા કક્ષા અને તાલુકા કક્ષાની તમામ અદાલતોમાં રાષ્ટ્રીય લોક અદાલતનું આયોજન કરવામાં આવ્યું છે, તેવું જિલ્લા કાનૂની સેવા સત્તા મંડળ, ગાંધીનગરના સચિવ પી.એસ. રાઠૌડે જણાવ્યું છે.

જિલ્લા કાનૂની સેવા સત્તા મંડળ, ગાંધીનગરના સચિવ પી.એસ. રાઠૌડે વધુમાં જણાવ્યું છે કે, આ રાષ્ટ્રીય લોક અદાલતમાં ફોજદારી સમાધાનલાયક કેસો, બેન્ક લેણાના દાવા, લેબરને લગતા કેસ, લગ્ન વિષયક કેસ, રેવન્યુ કેસ (ફકત ડિસ્ટ્રીકટ કોર્ટ તથા હાઈકોર્ટમાં પડતર કેસો), નેગોશીએબલ ઈન્સ્ટુમેન્ટ એકટ-૧૩૮ના કેસ, મોટર અકસ્માત વળતરના કેસ, ઈલેકટ્રીસીટી તેમજ પાણી વેરોના કેસ, એલ.એ.આર.ના કેસ, અન્ય સીવીલ કેસ અને સર્વિસ મેટરના કેસ (પે અલાઉન્સીસ અને રીટાયરલ બેનીફીટસ)નો સમાવેશ કરવામાં આવશે. જે પક્ષકારો કોર્ટમાં આ કેસને લગતા પેન્ડીંગ કેસોનું સુખદ સમાધાન કરવા ઈચ્છતા હોય તેઓએ જિલ્લા કાનૂની સેવા સત્તા મંડળ, ગાંધીનગર તેમજ તાલુકા કાનૂની સેવા સમિતિ, કલોલ, માણસા, દહેગામ અને ગાંધીનગરની કચેરીનો સંપર્ક કરવાનો રહેશે. આ અંગેની વધુ માહિતી માટે અત્રેની જિલ્લા કાનૂની સેવા સત્તા મંડળ, ગાંધીનગર રૂમ નંબર- ૧૦૧, પ્રથમળ માળ, ન્યાય મંદિર, સેકટર-૧૧, ગાંધીનગરનો સંપર્ક કરવા જણાવ્યું છે.

# ચિલોડામાં ૫ મકાનના તાળા તુટયા

## એક સાથે એ, બી અને સી ત્રણેય બ્લોકના થઈ ૫ ઘરના તાળા તુટયા : ૧.૨૫ લાખની ચોરી

ગાંધીનગર, તા.૧૧

ગાંધીનગર શહેર નજીક આવેલા ચિલોડા સ્થિત પ્રમુખ આર્કેડ ફલેટમાં એક સાથે પાંચ મકાનના તાળા તુટયા છે. મધ્યરાત્રીએ ત્રાટકેલા તસ્કરો ઘરના મુખ્ય દરવાજાનો નકુચો તોડી ઘરમાં રહેલ સામાન વેર-વિખેર કરી અંદાજીત સવા લાખથી વધુના સોના ચાંદીના દાગીના લઈ છુમંતર થઈ ગયા છે. જયારે બાકીના ત્રણ માલિકો બહારગામ હોવાથી તેઓ આવ્યા પછી ચોરીનો સાચો આંકડો ખબર પડશે. એક સાથે એ, બી અને સી ત્રણેય બ્લોકના થઈ ૫ ઘરના તાળા તુટતા સ્થાનિક નાગરિકોમાં ભયના માહોલ ફેલાયો છે. બનાવ અંગે ચિલોડા પોલીસ મથકે વિજયકુમારે ફરિયાદ નોંધાવતા પોલીસે ડૉગ સ્કવોર્ડ અને ફિંગરપ્રિન્ટ એકસપર્ટની મદદ લઈ તપાસનો ધમધમાટ શરુ કર્યો છે. જો કે સ્થાનિકોની ચર્ચા મુજબ કુલ રૂ. ૭ થી ૮ લાખની મત્તાની ચોરીનો અંદાજ છે.

પોલીસ પાસેથી મળતી વિગત મુજબ ચિલોડા દહેગામ માર્ગ પર આવેલા પ્રમુખ આર્કેડ ફલેટ ખાતે સી-૪૦૫ ખાતે રહેતા વિજયકુમાર રમેશચંદ્ર આદીવાલા પોતાના પરિવાર સાથે રહે છે અને ચિલોડા એરફોર્સમાં ફીટર જનરલ મિકેનીક તરીકે ફરજ બજાવે છે. વિજયકુમાર આદીવાલા પોતાના પરિવારને લઈ શનિવાર સાંજના ૬ વાગે પોતાના સંબંધીને ત્યાં અમદાવાદ ખાતે ગયા હતા ત્યારે રવિવારના રોજ બપોરના ૧૨ કલાકે પાડોશમાં રહેતા સંજયભાઈનો ફોન આવ્યો હતો. તેમણે વિજયભાઈને જણાવ્યું હતું કે તમારા ઘરનો દરવાજો ખુલ્લો છે અને ઘરમાં ચોરી થઈ હોવાનું લાગી રહ્યું છે. ત્યારે અમદાવાદથી તાત્કાલીક ઘરે આવી પહોંચેલા વિજયકુમારે ઘરની અંદર તપાસ કરતા ઘરમાં રહેલી તિજોરીનો સામાન વેર વિખેર હતો અને ઘરમાં રહેલા રૂ. ૮૦ હજારના સોના-ચાંદીના દાગીના ગાયબ હતા તો બીજી તરફ બી-૩૦૨માં રહેતા સુનિલભાઈ શ્રી દરવાનસીંગ બગડવાલના ઘરેથી રૂ. ૪૪ હજારની કિંમતના સોના ચાંદીના દાગીના ગુમ હતા. મકાન નં. એ-૩૦૪, ૪૦૧, સી-૨૦૬ના રહીશો બહારગામ ગયા હોવાથી તેઓ ઘરે પરત આવે ત્યારબાદ ચોરીનો સાચો આંકડો બહાર આવી શકે તેમ છે. પરંતુ એક સાથે પાંચ મકાનના તાળા તુટતા સ્થાનિક વસાહતીઓમાં ભય ફેલાયો છે ત્યારે બનાવ અંગે વિજયકુમારે ફરિયાદ નોંધાવતા પોલીસે ગુનો નોંધી ડૉગ સ્કવૉર્ડ અને ફીંગરપ્રિન્ટ એકસપર્ટની મદદ લઈ પોલીસે આગળની તપાસ હાથ ધરી છે.





### ફ્લેટના કયા મકાનમાં તસ્કરો ત્રાટકયા

પ્રમુખ આર્કેડના સી-૪૦૫, બી-૩૦૨, સી-૨૦૬, એ-૩૦૪, એ-૪૦૧ મકાનમાં શનિવારની મધ્યરાત્રીએ તસ્કરોએ ત્રાટકીને તરખાટ મચાવ્યો છે. સોના ચાંદીન દાગીના મળી કુલ સવા લાખની ચોરી થઈ છે. પરંતુ અન્ય ત્રણ મકાનમાલિક આવ્યા પછી ચોરીનો આંકડો ઉંચે જઈ શકે છે.

### ફ્લેટના સીસીટીવી કેમેરામાં તસ્કરો કેદ

પ્રમુખ આર્કેડમાં ચોરી કરવા આવેલા ચાર તસ્કરો સીસીટીવી કેમેરામાં કેદ થયા છે. આ તસ્કરો રાત્રીના બે થી ત્રણના સમયમાં મોંઢા પર રૂમાલ બાંધીને ફ્લેટની અંદર પ્રવેશ્યા હતા.

## ગિયોડ મીની અંબાજીના આંગણે તુલસીવિવાહની શ્રદ્ધાભેર ઉજવણી



ચિલોડા, તા. ૧૧

અભિલાષા ફાઉન્ડેશન શિહોલી મોટી દ્વારા તાલુકાના ગિયોડ સ્થિત મીની અંબાજી મંદિર મુકામે તુલસી વિવાહનું ભવ્ય આયોજન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે તુલસીમાતાજી કન્યાપક્ષે જાનકી રઘુવીરદાસ આચાર્ય તથા વિષ્ણુ ભગવાન વરપક્ષે રાધે મંડળ શિહોલી મોટીએ સ્થાન શોભાવ્યુ હતુ.

તુલસીમાતાનુ મામેરૂ રાધામંડળ કાનપુરની મહિલાઓ દ્વારા ભરવામાં આવ્યું હતું. વિષ્ણુ ભગવાનનુ મામેરૂ જિજ્ઞાસા રઘુવીરદાસ આચાર્ય તથા ઋષિકેશ રઘુવીરદાસ આચાર્ય પરિવાર દ્વારા ભરવામાં આવ્યું હતું. સમગ્ર લગ્નવિધિ વિષ્ણુપ્રસાદ રાવલ (ચિલોડા) તથા વિષ્ણુપ્રસાદ આચાર્ય કોલવડા દ્વારા લગ્ન મહોત્સવ સંપન્ન કરવામાં આવ્યો હતો.

# સાયન્સ સિટી ખાતે ગાંધીનગરના વિદ્યાર્થીઓની યુથ પાર્લામેન્ટ

ગાંધીનગર, તા. ૧૧

ગાંધીનગરના સેક્ટર-૨૩ ખાતેની બી.પી. કોલેજ ઓફ બીબીએના કુલ ૬૦ વિદ્યાર્થીઓએ સાયન્સ સિટી ખાતે "શાંતિ અને વિકાસના વિશ્વ વિજ્ઞાન દિવસ" નિમિત્તે આયોજિત યુથ પાર્લામેન્ટમાં ભાગ લઈ ઉત્કૃષ્ઠ પ્રદર્શન કર્યુ હતુ. આ યુથ પાર્લામેન્ટના આયોજનનો મુખ્ય હેતુ યુવાઓમાં સાયન્સ અને ટેકનોલોજીના ઉપયોગ દ્વારા માનવહિતનું કલ્યાણ કેવી રીતે કરી શકાય તે માટે વિદ્યાર્થીઓને જાગૃત કરવાનો અને ભવિષ્યમાં તેમને નેતૃત્વ માટે તૈયાર કરવાનો હતો. યુથ પાર્લામેન્ટમાં બીબીએ કોલેજના યુવાનોએ પ્રશ્નકાળમાં પ્રશ્નોત્તરીમાં પણ ભાગ લઈ પ્રશ્નો પુછ્યા હતા અને ચર્ચાને ફળદ્રુપ બનાવી હતી.

યુથ પાર્લામેન્ટને સાયન્સ સિટીના એક્ઝિક્યુટિવ ડાયરેક્ટર એસ.ડી. વોરાએ ખુલ્લી મુકી હતી અને તેના સમગ્ર સત્ર દરમ્યાન સમાજ માટે વિજ્ઞાન કઈ રીતે ઉપયોગી છે તેમજ વધુને વધુ નાગરિકો વિજ્ઞાન સાથે જોડાઈ અંધશ્રદ્ધા મુક્ત બને તે અંગેનો વિવિધ પાયાના પ્રયોગો બાબતે જાગૃત થવા વિદ્યાર્થીઓને પ્રેરિત કરાયાં હતા. વિદ્યાર્થીઓએ સાયન્સ સિટીના આઈમેક્સ થ્રીડી થીએટર ખાતે યોજાયેલી યુથ પાર્લામેન્ટમાં વૈજ્ઞાનિક અભિગમ અંતર્ગત ખેતી અને ઊર્જા સહિત વિવિધ ક્ષેત્રોમાં વિજ્ઞાન અને ટેકનોલોજીના ઉપયોગ અંગે મુક્ત વાતાવરણમાં ચર્ચા કરી હતી. દ્વિતિય વર્ષના વિદ્યાર્થી હર્ષ વઘાસિયાએ પાર્લામેન્ટના અધ્યક્ષની, ધવલ પંચાલે પ્રધાનમંત્રીની, પ્રતિકસિંહ ઝાલાએ નાયબ પ્રધાનમંત્રી, ભવદીપસિંહ ચુડાસમાએ વિપક્ષના નેતા તથા ખ્યાતિ રંગાણીએ ઉપાધ્યક્ષની ભૂમિકા ભજવી હતી. યુથ પાર્લામેન્ટ માટે વિદ્યાર્થીઓને કોલેજના અધ્યાપક ધર્મેન્દ્રસિંહ રાઠોડે તાલીમ આપી હતી તથા આચાર્ય ડૉ. રમાકાંત પુષ્ટીએ શુભેચ્છાઓ પાઠવી હતી. અત્રે ઉલ્લેખનીય છે કે સાયન્સ સિટી ખાતે દર વર્ષે ૧૦ નવેમ્બરે "વર્લ્ડ સાયન્સ ડે" ખાસ થીમ સાથે ઉજવવામાં આવે છે જે અંતર્ગત આ વર્ષે "ઓપન સાયન્સ લિવિંગ નો વન બિહાઈન્ડ" થઈમ આધારિત ઉજવણી કરાઈ રહી છે.











ચિલોડાથી નરોડા જતા માર્ગ પર લવારપુર પાટીયા પાસે આજે સાંજે અચાનક એક રીક્ષા પલટી મારી ગઈ હતી. અકસ્માતને પગલે રોડ પર ટ્રાફિકજામ થઈ ગયો હતો. આ સમયે પેટ્રોલીંગમાં રહેલી ટ્રાફિક પોલીસે તાત્કાલિક સ્થળ પર પહોંચીને ૧૦૮ને કોલ કર્યો હતો. રીક્ષાચાલક પોતાની પત્ની અને દિકરી સાથે જઈ રહ્યો હતો ત્યારે અચાનક રીક્ષા પલટી ગઈ હતી. જેમાં ત્રણેને નાની મોટી ઈજાઓ થવા પામી હતી.




ઈસ્લામ ધર્મના મહાન પયંગબર હઝરત મોહમંદ મુસ્તુફાના જન્મદિન ઈદે મિલાદની છાલા ગામે મુસ્લિમ બિરાદરો દ્વારા ભવ્ય ઉજવણીનો કાર્યક્રમ યોજાયો હતો. બપોર બાદ શાંતિપૂર્ણ રીતે જુલુસ સંપન્ન થયુ હતુ.

# સલામત ગુજરાતમાં પાટનગરના પ્રવાસીઓ લુંટાયા..!!

## રાજસ્થાનથી પરત ફરી રહેલા પ્રવાસીઓને વાંટડા ટોલ પ્લાઝા નજીક માર મારી લૂંટ ચલાવાઈ : ૮ પ્રવાસીઓ પૈકી ત્રણ ગંભીર

ગાંધીનગર, તા. ૧૧

ગાંધીનગરના મુસાફરોની લકઝરી બસને અરવલ્લી નેશનલ હાઈવે-૮ પર આવેલા વાંટડા ટોલટેક્ષ પાસે માર મારી લૂંટી લેવાયા છે. ગાંધીનગરના આ વડીલો ૧૩ દિવસના ઉત્તર ભારતના પ્રવાસેથી પરત ફરી રહ્યા હતા. ત્યારે ગુજરાતની સરહદે આ શરમજનક ઘટના બનવા પામી છે. ટોલટેક્ષ પાસે લકઝરી બસ પર હુમલો કરી ૧૫ જેટલા અસામાજીક તત્વોએ નિર્દોષ મુસાફરોને લકઝરીમાંથી ઉતારી દૂર ઝાડીઓમાં લઈ જઈને ઢોર માર માર્યો છે. ઈજાગ્રસ્તોને સ્થાનિક દવાખાને લઈ જવાયા હતા, જયારે ત્રણ ઘાયલોને ગાંધીનગર સિવિલ લવાયા છે. મુસાફરોને માર મારી રોકડ અને સોના-ચાંદીના દાગીનાની લૂંટ ચલાવી અસામાજીક તત્વો ફરાર થઈ ગયા હતા. જયારે અસામાજીત તત્વોએ બાઈકની સાઈડ કાપવા જેવી સામાન્ય બાબતે બસના ડ્રાઈવર સાથે માથાકૂટ કરી આ ઘટનાને અંજામ આપ્યો હતો. બસમાં ગભરાઈને બેસેલા મુસાફરોએ પોલીસને ફોન કરતા પોલીસ બે કલાક પછી આવી હોવાનો શૂર મુસાફરોમાં ઉઠવા પામ્યો છે. બનાવ અંગે મોડાસા રૂરલ પોલીસે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

પ્રાપ્ત માહિતી મુજબ ગાંધીનગરના રાંધેજા, રૂપાલ, સોનીપુર, કોલવડા, સરઢવ તેમજ ગાંધીનગરના યાત્રિકોને લઈ ગત તા. ૨૯ને ભાઈબીજના દિવસે લકઝરી બસ ૧૩ દિવસ માટે ઉત્તર ભારતના પ્રવાસે નીકળી હતી. યાત્રિકોએ ઉત્તર ભારતમાં કાશી, મથુરા, ગોકુળ, વૃંદાવન, હરીદ્વાર, આગ્રા, દિલ્હી યાત્રા પૂર્ણ કરીને પરત પુષ્કર આવી પહોંચ્યા હતા. ત્યાંથી આગળ વધીને શ્રીનાથજી રાત્રી રોકાણ કર્યુ હતુ. ગાંધીનગરના યાત્રિકોને લઈ લકઝરી બસ જયારે રાજસ્થાનથી ગુજરાતમાં પ્રવેશી વાંટડા ટોલટેક્ષ પાસે અજાણ્યા શખ્સોએ બસચાલક સાથે ઝઘડો કરી યાત્રિકો સાથે આતંક મચાવ્યો હતો. અજાણ્યા શખ્સોએ બસમાં બેઠેલા મુસાફરોને બસમાંથી નીચે લઈ જઈ માર મારી લૂંટ ચલાવી હતી. આ મારામારીમાં ૮ જેટલા યાત્રિકો ઘાયલ થયા હતા જેમાં ૩ ઈજાગ્રસ્તોને ગાંધીનગર સિવિલ ખાતે રીફર કરાયા હતા. મારામારી અને લૂંટની ઘટના નજરે જોનાર યાત્રીકો ગભરાઈ ગયા હતા. તેઓ આ અંગે કશુ કહેવા તૈયાર નથી. પરંતુ ગુજરાતના પ્રવેશદ્વારે તેઓને આ પ્રકારની ઘટના બનતા ચોક્કસ દુઃખ થયુ છે. બનાવની મળતી વિગત મુજબ ટોલપ્લાઝા નજીક આવી રહી હતી તે દરમિયાન બે બાઈક ચાલકોએ ગાળો બોલી સાઈડ કેમ માગી કહી ઝઘડો શરૂ કર્યો હતો. ત્યાર બાદ અન્ય તત્વોને ફોન કરતા આવી જતા મુસાફરોને માર મારી રોકડ દાગીનાની લૂંટ ચલાવી હતી. આ ઘટનાને નજરે જોનારા યાત્રિકો હેબતાઈ જતા કંઈ પણ બોલવા તૈયાર નથી. કેટલાક યાત્રિકોએ પોલીસને કોલ કર્યો હતો પરંતુ પોલીસ મોડી આવતા મુસાફરોમાં રોષ વ્યાપી ગયો હતો. બનાવ અંગે મોડાસા રૂરલ પોલીસમથકે ફરીયાદ નોંધાતા પોલીસે અસામાજીક તત્વોને પકડવા માટે ચક્રો ગતિમાન કર્યા છે.







### ગાંધીનગર સિવિલમાં સારવાર હેઠળ દર્દીઓ

વાંટડા ટોલટેક્ષ પાસે યાત્રિકોને માર મારી લૂંટ અસામાજીક તત્વોએ ચલાવી હતી. જેમાં ગંભીર ઈજા પામેલ રાંધેજાના બચુજી લક્ષ્મણજી પરમાર ઉં.વ. ૬૦ અને પોપટજી પરમારને પાંસળીના ભાગે ફેક્ચરનું નિદાન થયુ છે. જ્યારે રાજેન્દ્ર ત્રિવેદી, રતનબેન અને કૈલાશબેનને સારવાર બાદ રજા આપવામાં આવી છે. જ્યારે રાંદેસણના એક યાત્રિકને વધુ ઈજા થઈ હોવાથી અમદાવાદની ખાનગી હોસ્પિટલમાં સારવાર માટે લઈ જવાયા છે.

### ટોલટેક્ષ પાસે અસામાજીક તત્વોનો આતંક

સામાન્ય રીતે ટોલટેક્ષ પાસે ગાડીઓનો ખડકલો થઈ જતો હોય છે તેમજ ટોલટેક્ષના કર્મચારીઓ પણ મોટી સંખ્યામાં હોય છે. તેમ છતાં સાંજના સમયે લકઝરી બસને ટાર્ગેટ કરી યાત્રિકોને માર મારી લૂંટ ચલાવી આતંક મચાવ્યો હતો.

### લૂંટારૂઓના હાથમાંથી રસોઈયાએ બચાવ્યા

અસામાજીક તત્વો નિર્દોષ યાત્રિકોને માર મારી રહ્યા હતા ત્યારે કોઈ તેઓને બચાવવા માટે વચ્ચે પડ્યા ન હતા. ત્યારે રસોઈયા સુરેશે હિંમત દાખવીને તત્વોનો સામનો કરતા યાત્રિકો વધુ મારમાંથી બચી શક્યા હતા તેમ ઈજાગ્રસ્ત બચુજી લક્ષ્મણજી પરમારનું કહેવુ છે.